# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

Website : www.spuvvn.edu Fax: (02692) 230309, 226804

ACADEMIC SECTION

નં. ડી/ઈ/૧૧/૪૧૨૩ તારીખઃ ૧૮-૦૯-૨૦૨૩

**RE-REVISED**

(For new guides as per the notification dated 18/09/2023)

પ્રતિઃ

વડાશ્રી/આચાર્યશ્રી/નિયામકશ્રી
અનુસ્નાતક વિભાગો,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

**વિષયઃ** ૨૦૨૩-૨૦૨૪ પીએચ.ડી.(પ્રથમ સત્ર) અભ્યાસક્રમ માટે બાકી રહેલ માર્ગદર્શકશ્રીઓની ખાલી જગ્યાની માહિતી મોકલી આપવા બાબત.

**સંદર્ભઃ** ૧) યુનિવર્સિટીનો તા.: ૧૭-૦૭-૨૦૨૩નો પરિપત્ર નં. ડી/ઈ/૧૧/૨૪૩૧
૨) યુનિવર્સિટીનો તા.: ૦૧-૦૮-૨૦૨૩નો પરિપત્ર નં. ડી/ઈ/૧૧/૨૮૪૦
૩) યુનિવર્સિટીનો તા.: ૧૮-૦૯-૨૦૨૩નો નોટીફીકેશન નં. ડી/ઈ/૧૦/૪૧૦૮

શ્રીમાન,

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં પીએચ.ડી.(પ્રથમ સત્ર) અભ્યાસક્રમ માટે પ્રવેશ અંગેની કાર્યવાહી હાથ ધરવાની હોવાથી આપનાં વિભાગ/આપની સંસ્થાના માન્ય માર્ગદર્શકો કે **જેઓની પીએચ.ડી. માર્ગદર્શનની માન્યતા તા.: ૧૮-૦૯-૨૦૨૩નાં નોટીફીકેશન નં.: ડી/ઈ/૧૦/૪૧૦૮થી મળેલ હોય તેવા માર્ગદર્શકશ્રીઓની માહિતી જે તે સંબંધકર્તા વિષયનાં DRACને મોકલી આપવાની રહેશે.** તેમજ તેઓએ ઉપરોક્ત સંદર્ભમાં દર્શાવેલ પરિશિષ્ટ-૧ (Annexure-I), પરિશિષ્ટ-૨ (Annexure-II), પરિશિષ્ટ-૩ (Annexure-III), પરિશિષ્ટ-૪ (Annexure-IV) તથા પરિશિષ્ટ-૫ (Annexure-V) મુજબની માહિતી મોડામાં મોડા **તા.: ૨૦-૦૯-૨૦૨૩** સુધીમાં યુનિવર્સિટીના સંબંધકર્તા વિષયનાં DRAC Chairmanને મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી પરિશિષ્ટ-૧,૨,૪ અને ૫ મુજબની માહિતી સંબંધકર્તા વિષયનાં DRAC Chairmanને પ્રાપ્ત થઈ શકે. **તા.: ૨૦-૦૯-૨૦૨૩ સુધીમાં આપના રીસર્ચ સેન્ટર દ્વારા માન્ય પીએચ.ડી. માર્ગદર્શકોની માહિતી મોકલી આપવામાં નહિ આવે તો માન્ય માર્ગદર્શકની પીએચ.ડી.માં કોઈ પણ જગ્યા ખાલી નથી તેમ જાણીને મોકલેલ માહિતીને આધારે સંબંધકર્તા વિષયનાં DRAC Chairman દ્વારા આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે (તા.: ૨૦-૦૯-૨૦૨૩ બાદ DRAC Chairman ને પ્રાપ્ત થયેલ માહિતી માન્ય ગણવામાં આવશે નહિં જે બાબત ધ્યાને લેવા વિનંતી.)** સંબંધકર્તા વિષયનાં DRAC Chairman (અનુસ્નાતક વિભાગનાં વિભાગીય વડાશ્રી દ્વારા) યુનિવર્સિટી વિભાગ તથા રિસર્ચ સેન્ટરનાં પીએચ.ડી. માન્ય માર્ગદર્શકો તેમજ અનુસ્નાતક વિભાગનાં માન્ય માર્ગદર્શકોની સંકલિત કરેલ માહિતી (Annexure-I, II, IV અને V) તેમજ પરિશિષ્ટ-૩ (Annexure-III) મુજબની માહિતીની યોગ્ય ચકાસણી કરી મોડામાં મોડા તા.: ૨૦-૦૯-૨૦૨૩સુધીમાં એકેડેમિક વિભાગને મોકલી આપવાની રહેશે.

**આપના વિભાગ/કોલેજ/ઈન્સ્ટીટ્યૂટના માન્ય તમામ પીએચ.ડી. માર્ગદર્શકોના હાથ નીચે સરદાર પટેલ યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીમાં એક પણ વિદ્યાર્થી પીએચ.ડી. માટે રજીસ્ટર થયેલ નથી તે માહિતી સહિતનું બાહેંધરી પત્રક (પરિશિષ્ટ-૨) (Annexure-II) અચૂક ભરાવીને મોકલવાનું રહેશે. તેમજ યુનિવર્સિટીનાં R.Ph.D. 1 મુજબ આગળની ઘટિત કાર્યવાહી કરવાની રહેશે જે અંગેની ખાસ નોંધ લેવા વિનંતી છે.**

**ખાસ નોંધઃ-**

૧) આપનાં વિભાગ/આપની સંસ્થાના બાકી રહેલ માન્ય માર્ગદર્શકોની માહિતી મોકલી આપવા માટે ઉપરોક્ત સંદર્ભનો પરિપત્ર ધ્યાને લઈ તેમાં જણાવેલ વિવિધ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબની માહિતી ભરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૨) આપનાં વિભાગ/આપની સંસ્થાના બાકી રહેલ માન્ય માર્ગદર્શકોની માહિતી જ સંબંધકર્તા વિષયની DRACને અચૂકપણે મોકલી આપવાની રહેશે.**(અગાઉ મોકલી આપેલ માહિતી પુનઃ મોકલી આપવાની રહેશે નહિં.)**

૩) આપનાં વિભાગ/ આપની સંસ્થાના બાકી રહેલ માન્ય માર્ગદર્શકોની માહિતી જો એકેડેમિક વિભાગને સીધા મોકલી આપવામાં આવશે તેવી માહિતી માન્ય ગણવામાં આવશે નહિં જે બાબતની ખાસ નોંધ લેવા વિનંતી.

૪) **તા.: ૨૦-૦૯-૨૦૨૩ બાદ આપનાં વિભાગ/આપની સંસ્થાના બાકી રહેલ માન્ય માર્ગદર્શકોની માહિતી સંબંધકર્તા વિષયનાં DRAC Chairmanને પ્રાપ્ત થયેલ નહિં હોય તેવી માહિતી માન્ય ગણવામાં આવશે નહિં જે બાબત ધ્યાને લેવા વિનંતી.**

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

**બિડાણ :-** ઉપરોક્ત સંદર્ભ મુજબ

**નકલ રવાના :** વિભાગીય વડાશ્રી/સંલગ્ન કોલેજો ,પીએચ.ડી. ચલાવતી સંસ્થાઓના આચાર્યશ્રી/ડાયરેક્ટરશ્રી તરફ જરૂરી કાર્યવાહી અર્થે તથા જાણ સારૂ.